ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મેયરનો બળવો

મહેન્દ્રસિંહ રાણાએ મોદીને વિકાસ પુરુષ કહ્યા અને કોંગ્રેસમાં ભ્રષ્ટાચાર, કૌભાંડો અને મોંઘવારીના આક્ષેપો કર્યા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના કોંગ્રેસના રાજકારણમાં ભૂકંપ પેદા થયો છે. કોંગ્રેસ શાસિત મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર મહેન્દ્રસિંહ રાણાએ બળવો કરી ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને વિકાસ પુરૂષનું બિરૂદ આપ્યું છે. તેમણે કોંગ્રેસના ભ્રષ્ટાચાર, મોંઘવારી તેમજ કૌભાંડો સહિતના આક્ષેપો કરતાં -દેશની સાથે દિલ્હીની નેતાગીરી પણ ચોંકી ઉઠી છે. તેઓ અને તેમની સાથે કોંગ્રેસના અડધો ડઝન સભ્યો ભાજપમાં ભળી જાય તેવી સંભાવના છે.

વિધાનસભાની ચૂંટણી સમયે છેલ્લા કેટલાક સમયથી કોંગ્રેસની નેતાગીરી સામે -હારો કરતા ગાંધીનગરના મેયરે આજે તો હદ વટાવી દીધી છે. ગુજરાત -દેશ કોંગ્રેસ સમિતિના -મુખ અર્જુન મોઢવાડિયાને એક પત્ર લખી ભાજપના વખાણ કર્યા છે અને કોંગ્રેસની નિષ્ફળતાઓને છતી કરી છે.

રાજકારણમાં બદલાયેલા સૂરના કારણે કોંગ્રેસને ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન ગુમાવવાનો વારો આવ્યો છે. ચૂંટણી સમયે ટીકીટોની ગોઠવણ કરવા માગતા સ્થાનિક નેતાઓએ પાર્ટીને નીચી જોવડાવી વિરોધીઓને ગેલમાં લાવી દીધાં છે.

મેયર મહેન્દ્રસિંહે પત્રમાં લખ્યું છે કે ગુજરાત કોંગ્રેસ ચૂંટણી સમયે -જાને ઠાલા વચનો આપે છે જે પૂરાં થઈ શકે તેમ નથી. કેન્દ્રની કોંગ્રેસ સરકારે ગેસ, ડિઝલના દરો તેમજ મોંઘવારી વધારી લોકોનું જીવન દુષ્કર બનાવી દીધું છે. એ ઉપરાંત એક પછી એક કૌભાંડો અને ભ્રષ્ટાચારના કારણે કોંગ્રેસની ઈમેજ ખરડાઈ છે.

મેયરે કહ્યું છે કે ભાજપની સરકારમાં ગુજરાતનો વિકાસ થયો છે. અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વિકાસ પુરૂષ છે. છેલ્લા ૧૦ વર્ષમાં વિકાસના કાર્યો થયાં છે. કોંગ્રેસ ચૂંટણી સમયે વહાલા દવલાંને ટીકીટ આપે છે. ખોટા વચનો આપે છે. કોંગ્રેસના -દેશ નેતાઓમાં સુમેળ નહી હોવાનો ગંભીર આક્ષેપ પણ મેયરે પત્રમાં કર્યો છે.

ગાંધીનગર મહાનગરપાલિકામાં ૩૩ બેઠકો પૈકી કોંગ્રેસ પાસે ૧૮ અને ભાજપ પાસે ૧૫ બેઠકો છે. કોંગ્રેસના છ સભ્યો ભાજપમાં જોડાય તો ભાજપની સંખ્યા વધીને ૨૧ થાય તેમ છે અને એક વર્ષના ટૂંકાગાળામાં કોંગ્રેસને મ્યુનિસિપલ કોર્પોરેશન ગુમાવવાનો સમય આવશે. અલબત્ત, ગાંધીનગર કોંગ્રેસમાં બળવાની સ્થિતિ સામે -દેશ નેતાગીરીએ સમજાવટના -યાસોની સાથે સસ્પેન્ડ કરવાના પગલાં વિચાર્યા છે.

માણસામાંથી સ્વાઈન ફ્લુનો પોઝીટીવ કેસ મળ્યો

દર્દી ગાંધીનગર નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના માણસા અર્બન એરિયામાંથી સ્વાઈન ફ્લુનો પોઝીટીવ કેસ મળતાં આરોગ્ય તંત્ર ચોંકી ઉઠ્યું છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ દર્દી ગાંધીનગર નજીકની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ દર્દી મહિલા દર્દી છે અને તેણીનીએ પહેલાં અમદાવાદની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી હતી.

જ્યાં કોઈ ફેર ન જણાતાં દર્દી ગાંધીનગર નજીકની ખાનગી હોસ્પિટલમાં દાખલ થઈ હતી. આ પછી સ્વાઈનફ્લુ શંકાસ્પદ જણાતાં લોહીના નમુના મેળવી અને તપાસ માટે બી.જે. મેડિકલ કોલેજમાં મોકલવામાં આવ્યા હતા. જ્યાં પરીક્ષણ અહેવાલ પોઝીટીવ આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

આરોગ્ય તંત્ર દ્વારા આ દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારોનું સર્વેલન્સ કરવામાં આવ્યું છે તેમજ ત્યાં જરૂરી આરોગ્ય વિષયક કામગીરી પણ કરવામાં આવી છે. મળતી વિગતો પ્રમાણે દર્દીની તબિયત સુધારા પર છે.

ગાંધીનગર જિલ્લામાંથી શિયાળાનો હજુ વિધિવત્ પ્રારંભ થાય તે પૂર્વે જ સ્વાઈન ફ્લુનો પ્રથમ કેસ મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યું છે. જિલ્લા આરોગ્ય તંત્રએ આ કેસ નોંધતાં આરોગ્ય સત્તાવાળાઓને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા માટે તાકીદ કરી છે.

ગાંધીનગરની તિજોરી પર કોંગ્રેસનો ભ્રષ્ટાચારી પંજો

નરેન્દ્રભાઈ મોદીએ ૧૧ વર્ષથી પડવા દીધો નથી : જાડેજા

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત પ્રદેશ ભાજપાના પ્રવક્તા શ્રી આઈ.કે. જાડેજાએ, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શ્રી અર્જુન મોઢવાડિયાએ ગુજરાત સરકાર સામે એકના એક જુઠ્ઠાણાના ગાણાંને ગરજી ગરજી બોલવાની વિકૃત મનોદશાના રોગી ગણાવ્યા છે.

આખા હિન્દુસ્તાનની જનતા જ નહી, પણ દુનિયામાં સૌ કોઈ એકી અવાજે મુખ્યમંત્રીશ્રીના પારદર્શી વહીવટ અને ૧૧ વર્ષના બેદાગ શાસનની પ્રસંશા કરે છે અને દિલ્હીમાં દેશનું સુકાન સંભાળતી સોનિયાજીના નેતૃત્વ હેઠળની કેન્દ્રની કોંગ્રેસ સરકારના ભ્રષ્ટાચારોથી દુનિયામાં ભારતની આબરૂના લીરા ઉડી રહ્યા છે એમ જણાવી શ્રી આઈ.કે. જાડેજાએ શ્રી અર્જુન મોઢવાડિયાને સણસણતો પ્રતિભાવ આપતા ઉમેર્યું છે કે શ્રી મોઢવાડિયાની કોંગ્રેસનો આખો રહેશે ભ્રષ્ટ કારોબારથી કાળો ધબ્બ થઈ ગયો છે તેને છાવરવા માટેની લાખ લાખ કોશિશો પણ જનતાની આંખમાં ધૂળ નાંખી શકવાની નથી.

પ્રદેશ ભાજપા પ્રવક્તાશ્રીએ શ્રી અર્જુન મોઢવાડિયાના જૂઠ્ઠાણાને પડકારતા એમ પણ જણાવ્યું છે કે કોંગ્રેસે કરેલા આ તમામ આક્ષેપાત્મક જુઠ્ઠાણાની ન્યાયિક પદ્ધતિથી સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત ન્યાયાધિશ શ્રી એમ.બી. શાહના બનેલા કમિશને સંપૂર્ણ તપાસ કરીને ફગાવી દીધા છે ત્યારે, એક જવાબદાર રાજકીય પાર્ટીના રાજ્ય એકમના વડાને આ આક્ષેપો વિશે વાણીવિલાસ કરવાનો કોઈ અધિકાર નથી. જાહેરજીવનના લોકતાંત્રિક મૂલ્યોને નેવે મુકીને શ્રી મોઢવાડિયા જુઠ્ઠાણાનો જુનો કાદવ ઉછાળ્યો છે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ છેલ્લા ૧૧ વર્ષથી ગાંધીનગરની જનતાની તિજોરી ઉપર કોંગ્રેસનો પંજો પડવા દીધો નથી અને જનતાની સેવા અહર્નિશ કરતા રહ્યા છે તેથી બીજા પાંચ વર્ષ સુધી ગાંધીનગરની તિજોરીને સાચવવાનો પરવાનો નરેન્દ્રભાઈ મોદીને જનતાએ આપવાનું સ્વીકાર્યું છે અને રહેવાનું છે ત્યાં સુધી પંજાની ભ્રષ્ટ પકડમાંથી ગુજરાત મૂક્ત રહેવાનું છે. આ કડવું પણ સત્ય કોંગ્રેસે સ્વીકાર્યા સિપવાય કોઈ બીજો વિકલ્પ એની પાસે નથી એમ શ્રી આઈ.કે. જાડેજાએ જણાવ્યું છે.

શબ્દાવલી - ૪૮૭૭



આડી ચાવી

૧. જીભ, જીહ્વા (૩)
૨. ચોખા ના પાપડ (૪)
૪. તરકારી, બકાલુ (૨)
૫. દીવાસળીની પેટી (૩)
૮. રીત-રસમ (૩)
૧૦. એક જાતના ઔષધના બિયા (૫)
૧૨. મેળાને હિન્દીમાં... કહેવાય (૨)
૧૪. અદૃશ્ય, અચાનક દેખાતું બંધ થવું (૩)
૧૫. નકશા દર્શન (૪)
૧૭. એક જાતના ગુંદરનું નામ (૨)
૧૮. ચામડીનો એક રોગ (૩)
૧૯. ચીકાશવાળું, કંજુસીયું (૩)
૨૦. ઘા મટવો, ... આપવી (૨)

ઊભી ચાવી

૧. લાગણીઓ, સંવેદના (૪)
૨. સાકર જેવા સ્વાદના પ્રસાદના દાણા (૪)
૩. બહારવટીયા (૨)
૬. કલહ-કલેશ (૪)
૭. કસમ - સોગંદ (૨)
૯. જંજાળ, એમના... માં કોણ પડે? (૩)
૧૧. પધ્ધતિસર (૪)
૧૩. બે પરવા (૫)
૧૪. બે પરવા (૫)
૧૫. ઈલાયચી (૩)
૧૬. મહામૂલુ, મોંઘેરૂં (૩)

શબ્દાવલી ૪૮૭૬ના જવાબ

આડી ચાવી :- (૧) કરોડ (૪) પાયમાલ (૬) માગણ (૭) ખાતાવહી (૧૧) કાનૂન (૧૨) માલદાર (૧૩) વર (૧૪) સગુન (૧૬) શેતાન (૧૮) રીન (૧૯) રસીદ

ઊભી ચાવી :- (૧) અનિમેષ (૨) રંજ (૩) જનગણમન (૪) કેડીયું (૫) દયા (૯) પટપદ (૧૨) કોર (૧૩) ગાજ બટન (૧૪) વશીકરણ (૧૭) વાચક (૧૯) કાબા (૨૦) માવજત (૧૫) ગુન (૧૬) શેરી (૧૭) ખાંસી

શહેરભરની બધી કોલેજોમાં વિદ્યાર્થિઓની પાંખી હાજરી

અમદાવાદ,તા.૨૦

નવરાત્રીમાં યુવાધન આખી રાત ગરબાના તાલે ઝુમતા હોવાથી સવારે કૉલેજમાં જઈ શકતા નથી તેથી નવરાત્રીની શરૂઆતની સાથે જ કૉલેજના ક્લાસરૂમ સૂમસામ બની જાય ગયા છે. અમદાવાદની મોટાભાગની કૉલેજોમાં વિદ્યાર્થીઓની પાંખી હાજરી જોવા મળે છે. ખેલૈયાઓ તો નવરાત્રીની રાહ જ જોતા હોય છે ક્યારે નવરાત્રી આવે ને ક્યારે રાત ભર સુધી ગરબા ગાવા મળે...

ટચૂકડી જાહેર ખબર
ફ્લેટ વેચવાનો છે
અંકુર એપાર્ટમેન્ટ, પ્રથમ માળ, પ્રાઈમ લોકેશન, 'ક' રોડ ઉપર, વાવોલ
સંપર્ક :
મો. : ૯૮૨૫૧ ૭૦૫૦૫

ભાજપના નિરીક્ષકો આજે ચિલોડા નજીક રજુઆતો સાંભળશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકો અંગે ભાજપના નિમાયેલા નિરીક્ષકો આજે ચિલોડા નજીક એક ખાનગી રિસોર્ટ પર ટિકિટવાંચ્છુઓ અને તેમના સમર્થકોની રજુઆતો સાંભળશે.

જિલ્લા માટે ત્રણ નિરીક્ષકોની નિયુક્તી કરવામાં આવી છે. શિક્ષણમંત્રી શ્રી રમણભાઈ વોરા, ધારાસભ્ય શ્રી રજનીભાઈ પટેલ તથા સુશ્રી અલકાબેન મોદી નિરીક્ષકો તરીકે નિમવામાં આવ્યા છે.

આ રજુઆતો સાંભળવાની કામગીરી સવારે ૧૦ વાગ્યાથી શરૂ થશે અને મોડી સાંજ સુધી ચાલશે તેમ મનાઈ રહ્યું છે. નિરીક્ષકો સમક્ષ રજુઆત કરવા માટે આજે ટિકિટ વાંચ્છુઓ દ્વારા બાયોડેટા તૈયાર કરવા માટેની કવાયત તેજ થઈ જવા પામી છે તેમજ કાર્યકરોને પણ પોતાની તરફેણમાં લાવવા માટેના ભરપુર પ્રયાસો હાથ ધરાયાં છે.

જિલ્લામાં વિધાનસભાની બે બેઠકો ગાંધીનગર અને દહેગામની ભાજપ પાસે છે. જિલ્લામાં નવા સીમાંકનમાં પાંચ બેઠકો થઈ છે એટલે રાજકીય સમીકરણો પણ બદલાયા છે અને સીમાંકનમાં પણ ભારેખમ ફેરફાર થવા પામ્યો છે જે જે ઉલ્લેખનીય છે.

રામ રામ કરી દઈશ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફળદુ સાથે બેઠક કરી તેમાં શું થયું ? તેવા પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યુ હતુ કે ભાજપના કોઈ નેતાને ઓળખતા નથી કે મળ્યા નથી. ફળદુને મે માત્ર ફોટામાં જોયા છે અને સામે મળે તો અમે એકબીજાને ઓળખી પણ શકીએ નહિ.

પક્ષના નેતાઓ મને ચર્ચા કરવા બોલાવશે તો હું જઈશ એટલુ જ નહિ પણ પક્ષના સામાન્ય કાર્યકરો શું ઈચ્છે છે તેની પણ વાત રજુ કરીશ.

તેમણે જણાવ્યુ હતુ કે પક્ષના સંગઠ્ઠનમાં જે રીતે કાર્યપદ્ધતિ અપનાવામાં આવી રહી છે તે યોગ્ય નથી. પક્ષના સામાન્ય કાર્યકરોની ઉપેક્ષા સાંખી શકાય નહિ. મેયરે એમ પણ કહ્યું હતુ કે અહિયાં જ આવુ છે એવું નથી. રાજ્યના ઘણા બધા જિલ્લામાં આવી જ સ્થિતિ પ્રવર્તી રહી છે.

દરમ્યાન મેયરના આજના નિવેદનને કોંગ્રેસની નેતાગીરીએ ગંભીરતાથી લીધુ છે અને રેમેજ કંટ્રોલ માટેનું ઓપરેશન એકાદ દિવસમાં હાથ ધરાશે તેમ મનાઈ રહ્યુ છે. મળતી વિગતો પ્રમાણે મેયર સાથે અન્ય કોર્પોરેટરો પણ રાજીનામુ આપવાનો વિચાર કરી રહ્યાનું ચર્ચાઈ રહ્યું છે જો કે કોઈ કાઉન્સિલર ખુલીને બહાર આવવા તૈયાર નથી.

ગરબા ગ્રાઉન્ડમાં ખેલૈયાઓ અને દર્શકોની ભીડ શનિવારે પરાકાષ્ટાએ પહોંચી

શનિવારની રાત્રે શહેરના તમામ ગરબા ગ્રાઉન્ડ ખેલૈયાઓથી હાઉસફુલ બન્યા : સનદી અધિકારીઓ ગરબે ઘુમ્યા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરમાં નવરાત્રી પૂર્ણ પણે ખીલી ઉઠી છે. ગરબા ગ્રાઉન્ડ ખેલૈયાઓથી ઉભરાઈ રહ્યા છે. શનિવારે તો ખેલૈયાઓ અને દર્શકોની ભીડ પરાકાષ્ટાએ પહોંચી હતી. તમામ ગરબા ગ્રાઉન્ડ ચિક્કાર મેદનીથી ઉભરાયા હતા.

શહેરમાં નવરાત્રીનું સૌંદર્ય જોવા જેવું ખીલ્યું છે. શનિવારની રાત્રે તો એવુ વાતાવરણ સર્જાયુ હતુ કે જાણે શહેર આખી રાત જાગતુ જ રહેશે. શહેરના તમામ માર્ગો પર મોડીરાત સુધી વાહનોની અવરજવર રહી હતી. તમામ માર્ગો ટ્રાફીકથી ધમધમ્યા હતા. આ વર્ષે શહેરમાં પાર્ટીપ્લોટના ગરબાની સાથે સાથે શેરી ગરબાઓનું આકર્ષણ પણ ખુબ વધ્યુ છે. પાર્ટીપ્લોટ ઉપરાંત તમામ શેરી ગરબાઓમાં ખેલૈયાઓ અને દર્શકોની ભારે ભીડ જામી હતી. પાર્ટીપ્લોટોમાં દસ થી બાર હજાર જેટલી વસ્તી ઉભરાતા આયોજકોને ભીડને કાબુમાં રાખવા વિશેષ વ્યવસ્થા ગોઠવવી પડી હતી.

ગાંધીનગર કલ્ચરલ ફોરમનું ગ્રાઉન્ડ શનિવારની રાત્રે ઉચ્ચ સરકારી સનદી અધિકારીઓથી ઉભરાયુ હતુ. ખેલૈયાઓની સાથે સાથે સનદી અધિકારીઓ પણ પરંપરાગત વસ્ત્રો સાથે ગરબે ઘુમતા નજરે પડ્યા હતા. રાત્રે આઠ વાગ્યાથી જ ખેલૈયાઓ મોંઘાદાટ વસ્ત્રો અને અલંકારો પહેરી ગરબા ગ્રાઉન્ડમાં ઉમટવા લાગ્યા હતા. શરૂઆતથી જ ગરબા જામવા માંડ્યા હતા.

સાતમા દિવસે દુર્ગા શ્રી કાલરાત્રી

આદિશક્તિ શ્રી દુર્ગાનું સાતમુ સ્વરૂપ એટલે શ્રી કાલરાત્રી છે. આ કાળનો નાશ કરનારી છે. એટલા માટે કાલરાત્રી કહેવાય છે. નવરાત્રીના સાતમા દિવસે આમની પૂજા અર્ચના કરવામાં આવે છે. આ દિવસે સાધકે પોતાનુ ચિત્ત ભાનુચક્ર (કપાળની વચ્ચે) સ્થિર કરીને સાધના કરવી જોઈએ. શ્રી કાલરાત્રીની સાધના કરવાથી સાધકને ભાનુ ચક્ર જાગૃત થવાથી તેની સિદ્ધિઓ તેની મેળે જ પ્રાપ્ત થઈ જાય છે.

ગાંધીનગરના ગરબા જોવા અમદાવાદીઓ ઉમટે છે

ગાંધીનગરના ગરબાઓની ખુશ્બુ છેક અમદાવાદ સુધી ફેલાઈ છે. અમદાવાદના રહેવાસીઓ પરંપરાગત ગરબાને માણવા નીયમીત ગાંધીનગર આવે છે.

પશ્ચિમી અને ફિલ્મી સંગીતની અસર વિનાના પરંપરાગત ગુજરાતી ગરબાઓની રમઝટ ગાંધીનગરમાં બોલાય છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા દર વર્ષે યોજાતા પરંપરાગત ગરબાઓની ખુશ્બુ અમદાવાદ સુધી ફેલાઈ છે. પશ્ચિમ અમદાવાદના ઘણા રહેવાસીઓ દર વર્ષે અહીં ગરબા જોવા આવે છે. કોઈપણ જાતના દૂષણ વિના સલામત વાતાવરણમાં યોજાતા ગરબાઓની ખ્યાતી દૂર દૂર સુધી ફેલાઈ છે.

સમય વધારવા ખેલૈયાઓનું વધતુ દબાણ

નવરાત્રીના છેલ્લા બે-ત્રણ દિવસો જ બાકી રહ્યા છે ત્યારે સમયાવધી બે-ત્રણ કલાક વધારવા માટે ખેલૈયાઓ આયોજકો અને વ્યવસ્થાતંત્ર પર દબાણ લાવી રહ્યા છે. નવરાત્રીના છેલ્લા દિવસોમાં ખેલૈયાઓ મન મુકીને ગરબે ઘુમવા ઈચ્છે છે.

રાત્રે સાડા આઠ-નવ વાગે શરૂ થતા ગરબાઓ રાત્રે બાર વાગે બંધ થઈ જતાં હોવાથી ખેલૈયાઓમાં ભારે કચવાટ છે. હવે નવરાત્રી પૂર્ણ થવાને થોડાક જ દિવસો બાકી રહ્યા છે ત્યારે ખેલૈયાઓ રાત્રે ૧૨ વાગ્યાના બદલે દોઢ-બે વાગ્યા સુધી ગરબા ચાલે તેવુ ઈચ્છી રહ્યા છે. કેટલાક ખેલૈયાઓએ આ અંગે આયોજકો અને વ્યવસ્થાતંત્ર સમક્ષ રજુઆત પણ કરી છે.

રાષ્ટ્રીય સ્તરની ગ્રામ્ય વિસ્તારની સૂચના અને પ્રૌદ્યોગિકી વિષયની પ્રતિયોગિતામાં ગુજરાત વિજેતા

વિજેતા વિદ્યાર્થીઓને રૂ. ૧,૦૦,૦૦૦ રોકડ, મોબાઈલ સેટ તથા હવાઈ મુસાફરીની ટીકીટ

અમદાવાદ, તા. ૨૦

ગુજરાતના ગ્રામ્ય વિસ્તારના બાળકો રૂરલ આઈટી પ્રતિયોગિતામાં આગળ પડતા છે જેની ઝલક રાષ્ટ્રીય કક્ષાએ પણ પુરવાર કરી બતાવી છે.

ગુજરાત રાજયના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ અંતર્ગત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજીના માધ્યમથી રાજયકક્ષાએ આયોજીત કરવામાં આવેલી રૂરલ આઈટી પ્રતિયોગિતામાં સફળ ટીમ એવી વડોદરા જિલ્લાની સંત કબીર સ્કૂલના ધોરણ-૧૧ના વિદ્યાર્થીઓ હર્ષિલ વૈદ્ય અને દિગંત બકારી બેંગ્લોરમાં આયોજીત રાષ્ટ્રીય કક્ષાની પ્રતિયોગિતામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરીને રાષ્ટ્રીય કક્ષાની પ્રતિયોગિતામાં પ્રથમ આવ્યા છે.

આ બંને વિદ્યાર્થીઓ પ્રતિયોગિતાના બધા પ્રશ્નોના સાચા ઉત્તર આપીને પ્રતિયોગિતામાં વિજેતા થઈ રૂ. ૧,૦૦,૦૦૦ રોકડાનું ઈનામ મેળવી ગુજરાતનું નામ રોશન કર્યું છે. આ રાષ્ટ્રીયસ્તરની પ્રતિયોગિતાનું આયોજન કર્ણાટક, સૂચના અને પ્રૌદ્યોગિકી, બીટી અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ અને ટાટા કન્સલટન્સી સર્વિસ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પહેલા ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા બધા જિલ્લામાં જિલ્લા સ્તરીય અને રાજય સ્તરીય પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવેલ હતુ. આ પ્રતિયોગિતામાં લગભગ ૨૦૦૦ થી વધારે વિદ્યાર્થીઓએ તાલુકા અને જિલ્લાકક્ષાએ ભાગ લીધો હતો અને આમાં ૭૦૦ વિદ્યાર્થીઓએ રાજયકક્ષાની પ્રતિયોગિતામાં તા. ૧૬ ઓગષ્ટ, ૨૦૧૨ના રોજ ટાઉનહોલ, સેક્ટર-૧૭, ગાંધીનગરમાં ભાગ લીધો હતો. આ પ્રતિયોગિતામાં હર્ષિલ વૈદ્ય અને દિગંત બકારી પ્રથમ વિજેતા અને અભિજીત મિશ્રા અને આશીષકુમાર મિશ્રા દ્વિતીય નંબરે આવેલ હતા.

આ પ્રતિયોગિતાનો મુખ્ય હેતુ ઈન્ફોર્મેશન ટેકનોલોજીના વિવિધ ક્ષેત્રમાં ઉપયોગો અંગેનો છે. જેમાં પર્યાવરણ ટેકનોલોજી, ધંધો અને એના લોકો, નવી પદ્ધતિઓ, ઈન્ટરનેટ જગત, અવનવી વેબસાઈટો, આઈટી મૂલમંત્ર અને મિતાક્ષરો, પઝલ્સ, આંતરરાષ્ટ્રીય વ્યક્તિત્વ, સોફ્ટવેર પ્રોડક્ટસ, કંપની અનેતેની બ્રાન્ડનો સમાવેશ થાયછે. આઈટીના ઈતિહાસ અને એની રમુજી બાબતો કે જેણે એને અસરકારકબનાવી છે એમાં શિક્ષણ, આનંદ, પુસ્તકો, મલ્ટીમીડીયા, સંગીત, ચિત્રપટો, ઈન્ટરનેટ, બેન્કીંગ, જાહેરાત, રમત-ગમત, સામાજીક માળખું, મોબાઈલ વગેરેનો સમાવેશ થાય છે.

આ પ્રતિયોગિતાનું આયોજન ગ્રામ્ય વિસ્તારના બાળકોને રમત ગમત ઉપરાંત અભ્યાસની પ્રવૃત્તિઓમાં ઉત્સાહ વધારવા અને અન્ય સ્પર્ધાત્મક પ્રવૃત્તિઓમાં મદદરૂપ સાબિત થાય તેમજ તેમને આગળ જતાં સ્નાતક કક્ષાના અભ્યાસમાં મદદરૂપ થાય તે માટે કરવામાં આવેલ છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧